

# વિષય : ધો. ૫ નાં વિદ્યાર્થીઓને ગણિત વિષય અઘરો લાગે છે તેના કારણોનો અભ્યાસ

**પટેલ હેતલ એસ.**
(મ.શિક્ષક, પ્રાથમિક વિભાગ)

**પ્રસ્તાવના :** આજનો યુગ એટલે વિજ્ઞાન અને ટેકનોલોજી નવીન પદ્ધતિઓ, ચિંતન અને સર્જનાત્મકતાનો સરવાળો શિક્ષણ ક્ષેત્રે બાલમંદિરથી લઇને પી.એચ.ડી સુધી નવા નવા સંશોધન થતા જાય છે. આજે પ્રાથમિક ,માધ્યમિક,ઉચ્ચતર અને વ્યવસાયિક શિક્ષણ સાથે વિદ્યાર્થીઓ જોડાયેલા છે.શાળામાં શિક્ષક વધારે સાધન સમૃદ્ધ બની રહયો છે.આજે શિક્ષણ કાર્ય માં આવતી સમસ્યાઓનો હલ કરવાની પદ્ધતિ ક્રિયાત્મક સંશોધન છે.

❖ **વિષયના શબ્દોનું અર્થઘટન :** ગણિત વિષયમાં સૂત્રો ,વ્યાખ્યાઓ ,પદોની ઓળખ સમજૂતી વગેરે યાદ રાખવા માટેની ઘણી સમસ્યાઓ જોવા મળે છે.વ્યવહારિક જીવનમાં ગણિત વિષયનું જ્ઞાન મેળવી આગળ આવી શકે તે માટે ગણિત વિષયમાં રસ લેતા થાય તે માટે હાથ ધર્યુ છે.

❖ **સમસ્યા ઓળખ :** મારા શિક્ષણ કાર્ય દરમિયાન ગણિત વિષય અંગે વિદ્યાર્થીઓ અણગમો વ્યકત કરતા હતા.

❖ **સંશોધનનો નમૂના :** ભરૂચ જીલ્લાની નારાયણ વિદ્યાલયના ગુજરાતી માધ્યમના ધો. ૫ ના વિદ્યાર્થીઓને લસાઅ, ગુસાઅ સમજવામાં તકલીફ પડે છે.

❖ **સંશોધન માટે કઇ પદ્ધતિનો ઉપયોગ કર્યો :** પ્રશ્નોતરી, કથન ચર્ચા, પૂર્વ પરીક્ષા, ઉત્તર પરીક્ષા

❖ **સંશોધનના હેતુઓ :**

- વિદ્યાર્થીઓ ગણિત પ્રત્યે રસ કેળવે.
- વિદ્યાર્થી ઘડિયા મૌખિક અને લેખિત રીતે વાંચન કરતાં થાય.
- વિદ્યાર્થીઓણી ગણિત વિષયની કચાશ દૂર કરવી.
- ગણિતનો વ્યવહારિક ઉપયોગ કરતા શીખે.
- ગણિતની પાયાની સંકલ્પનાનું જ્ઞાન મેળવી વ્યવહારમાં ઉપયોગ કરતો થાય.

❖ **સમસ્યા નાં કારણો :**

- વિદ્યાર્થીઓને ગણિતમાં રસ ન હોય.
- વર્ગમાં બીજા વિદ્યાર્થીઓનો સાથ સહકાર ન મળતો હોય.
- વિષયને અનુરૂપ ટોપીક સાદી શિક્ષણ પધ્ધતિ કે મોડલનો ઉપયોગ ન કર્યો હોય.
- વિદ્યાર્થીઓને લ.સા.અ કે ગુ.સા.અ ની સમજ ન હોય.
- વિદ્યાર્થીઓને ગણિત વિષય કંટાળા જનક લાગતો હોય.

❖ **ઉત્કલ્પના :**

- જો વિદ્યાથીઓને જુદી જુદી પ્રવૃત્તિ દ્ધારા અને શિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં રસ લેતા થાય.
- જો શિક્ષક ટોપિક પ્રમાણે ચાર્ટ, મોડલ, એનિમેશન વિડિયો બનાવીને પણ શીખવાડે તો વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે છે.
- વિદ્યાર્થીઓને ઘડિયા શીખવવામાં આવે તો તેમને આવડી જાય.
- જો વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી ન કરે તો ગણિત સરળતાથી આવડી શકે છે.

❖ **માહિતીનું એકત્રીકરણ :** સંશોધનમાં માહિતી એકત્રીત કરવા માટે ધોરણ-૫ ના વિદ્યાર્થીઓને સાદી કથન ચર્ચા પદ્ધતિથી સમજાવવામાં આવ્યું પછી તેની પૂર્વ કસોટી લેવામાં આવી ત્યારબાદ આજ વિદ્યાર્થીઓને સ્વનિર્મિત સાધન, મોડલ સાથે શિક્ષણ આપવામાં આવ્યું ફરીથી તેમની ટેસ્ટ લેવામાં આવી.

કોઇ પણ સંશોધનની પ્રક્રિયાની સફળતા કે નિષ્ફળતા નકકી કરવા માટે મૂલ્યાંકનને સ્થાન આપવું જરૂરી છે.

❖ **સંશોધન મૂલ્યાંકન :** અહી દર્શાવેલ પ્રયત્નો મુજબ ધોરણ-૫ ના વિદ્યાર્થીઓ લ.સા.અ,અને ગુ.સા.અ સમજવામાં મુશ્કેલી અનુભવતા હતા તે સમસ્યા દૂર થઇ છે કે નહિ તે માટે પ્રયોગ પહેલા જાણવા મળ્યું. પૂર્વ કસોટી અને પ્રયોગ બાદ ઉત્તર કસોટી કરવામાં આવી હતી.

| કસોટી | વિદ્યાર્થીઓની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| કસોટી-૧ | ૧૦ | ૩૮.૫% |
| કસોટી-૨ | ૧૦ | ૬૬.૫% |

**"વિચારવાની કળા એટલે ગણિત"**

ઉપરના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીની ટકાવારી માં તફાવત જોવા મળે છે.